ફોજદારી ઈન્કવાયરી નં.:– 9359/2025

**૦૮ મા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર**
**(નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કોર્ટ નં. ૩૬) માં અમદાવાદ.**
**( એન.આઈ.એકટની કોર્ટ )**

## :: આંક–૦૧ લગત હુકમ ::

૧. ફરીયાદી તર્ફે વિ.વકિલશ્રી હાજર,તેઓની રજુઆત સાંભળવામાં આવી. રજુઆતની વિગતો તેઓ ધ્વારા ફરીયાદની વિગત મુજબની વિગત જણાવી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ અનુસારની હોવાનુ જણાવી ફરીયાદ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે.વધુમાં ફરીયાદી તરફે એવી રજુઆત પણ છે કે, ચેકમાં આરોપીની સહી છે,આરોપીને ચેક પરત ફર્યા બાબતની નોટીસ નિયત સમયમાં આપેલ છે ,નોટીસની બજવણી આરોપીને થયેલ છે , નોટીસ મુજબનુ વર્તન થયેલ નથી, કાયદાની જોગવાઈમાં આરોપીનુ કૃત્ય પડતુ હોઈ તે સંજોગે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ કેસ રજીસ્ટર કરી સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરવો જોઈએ.

૨. ફરીયાદ હકીકત વંચાણે લીધી,રજુઆત ધ્યાને લીધી, ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોગંદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધુ, નામદાર સર્વોચ્ચ અદાલતના રીટ પીટીશન (સીવીલ) ૧૮/૨૦૧૩ ઈન્ડીયન બેંક એસોશીએન અને અન્ય વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને અન્ય માં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લીધા.રજુ દસ્તાવેજી આધાર અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોવાનુ પ્રથમ દર્શને જણાઈ આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોગંદનામું અને દસ્તાવેજો ધ્યાને લઈને પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો જણાઈ આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ પણ લઈ શકાય છે. આમ સમગ્ર પુરાવા રજુઆત નજર સમક્ષ રાખી પરીણામ સ્વરૂપ આ કામે નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

**હુકમ**

હાલની આ ઈન્કવાયરી આથી ફેંસલ કરી, સદર ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબનો નિયત નમુનામાં સમન્સ કાઢવા તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ફરી મુદત તા.૨૯/૦૯/૨૦૨૫

(કુ.કુસુમબેન દલપતભાઈ પરમાર)
૦૮ મા એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૩૬,અમદાવાદ શહેર.

સ્થળઃ– અમદાવાદ.
તા.૨૧/૦૬/૨૦૨૫